## ૧-સંસ્કૃત ભાષાનો દબદબો

એ દિવસો, એ મહિનાઓ, એ વરસો - યાદગાર હતાં. બનારસે એમને યાદગાર બનાવ્યાં. જો હું આત્મકથા લખું તો તેના બે ભાગ થાય. પહેલા ભાગમાં હું બનારસ આવ્યો તે પૂર્વેની વાતો લખું. બીજા ભાગમાં હું બનારસ રોકાયો ત્યારની અને પછીની વાતો લખું. જોકે, મારી આત્મકથા કોને, કેટલી ઉપયોગી થાય એનો જવાબ નબળો છે. એટલે આત્મકથા લખવાનું તો કદાચ, નહીં બને. બનારસના અનુભવો વિશે જરૂર લખીશ.

અલબત્ત, અત્યારે હું યવતમાળમાં છું. બનારસ છોડ્યાને પાંચ વરસ થઈ ચૂક્યા છે. યવતમાળ, પહાડીની ટોચ પર વસેલું નગર છે. નગરની ચોતરફ મોટા અને લાંબા જંગલ છે. છેલ્લા બાર-પંદર મહિનાઓથી આ જંગલમાં એક વાઘણ માનવભક્ષી થઈ છે. રાળેગાંવ, પાંઢરકવડા જેવા તહસીલના ખેતરોમાં ઘૂસી આવીને એ કેટલાય ખેડૂતોને અને પાલતું જનાવરોને શિકાર બનાવી ચૂકી છે. એને પકડવા માટે જન વિભાગની રેસ્કયુ ટીમ જંગલમાં ઉતરી પરંતુ નિષ્ફળ ગઈ. વન વિભાગે દૂરના અન્ય જંગલોની એક સ્પેશયલ ટીમ આ જંગલમાં ઉતારી. આમાં પાંચ હાથી હતા. બન્યું એવું કે આમાંનો એક હાથી ગાંડો થઈને માનવો પર હલ્લો કરવા લાગ્યો. આને કહેવાય દુકાળમાં અધિક માસ. આ હાથીએ જ એક માનવના પ્રાણ લીધા ચારે કોર બબાલ મચી. છેવટે આ હાથીઓ પાછા ગયા. પછી આવી શાર્પશૂટર્સ અને વિદેશી શ્વાનોની ટીમ. સાથે ઉડતો કેમેરો, છતાંય વાઘણ હાથમાં ન આવી. પછી ખબર આવ્યા કે વીજળીના તારનો કરંટ લાગવાથી વાઘણ મરી ગઈ છે. અને પછી સમાચાર આવ્યા કે જીવતી વાઘણ હજીય જંગલ માથે લઈ રહી છે. પંદર ફુટ ઊંચા ઘાસથી ભરેલા જંગલમાં એ કયાં છૂપાય છે તે સમજાતું જ નથી આ વાઘણને મારી નાંખવી એવો આદેશ જારી થયો. પશુપ્રેમીઓ હાઈકોર્ટ સુપ્રિમ કોર્ટમાં ગયા. પરંતુ વાઘણ માનવઘાતક છે. તે મુદ્દે ન્યાયાલયે વ્યાઘ્રહત્યાનો પ્રસ્તાવ કબૂલ રાખ્યો. શરત એ હતી કે, જો વાઘણ પિસ્તોલી ઇંજેકશનથી બેભાન થાય તો એને પાંજરે પૂરવી, જો એમ શકય ન બને તો શિકારી જે ચાહે તે કરી શકે. આના વિરોધમાં સોશ્યલ મીડિયા ઉપર સેવ-અવની નામનું અભિયાન શરૂ થયું. આના સૂત્રધારોનું કથન એવું હતું કે આ વાઘણ માનવભક્ષી થઈ જ નથી. એક બહુ મોટા ઉદ્યોગપતિ આ જંગલની જમીન ખરીદીને ગંજાવર સિમેન્ટ ફેકટરી પ્રોજેકટ શરૂ કરવા માંગે છે. એમને આ વાઘણની હાજરીને લીધે વન વિભાગની પરમિશન મળી નથી રહી, તેથી આ વાઘણ વિરોધી વાતાવરણ રચવામાં આવ્યું છે. વાઘણને અવની એવું નામ આપાયું છે તે ખુદ વાઘણ જાણતી નથી. આ વાઘણ છ વરસની છે અને એના બે બચ્ચાં પણ છે. હવે ખબર આવી કે વાઘણને એક શિકારીએ મારી નાંખી, આ હત્યાનો દેશવ્યાપી વિરોધ થયો. મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ આનો ખુલાસો આપ્યો તોય વિરોધ જારી રહ્યો. વિદર્ભમાં યવતમાળની આસપાસના બસો-ત્રણસો કિલોમીટર સુધીના વિસ્તારમાં આ વાઘણનાં નામે હાહાકાર ફેલાયેલો. દૈનિક વર્તમાન પત્રો રોજ રિપોર્ટ છાપે. એક અહેસાસ મળે છે કે તમે જંગલની વચ્ચેના ઈલાકામાં છો, યવતમાળની આ વિશેષતા છે.

બીજા સમાચાર એવા આવ્યા હતા કે એક માણસ જંગલમાં કોઈ ઝાડ કાપવા ગયો. એ ઝાડ પરના વાંદરાઓએ પેલા માણસને ઈંટો મારીમારીને ખતમ કરી નાંખ્યો. એ મૃત-વ્યકિતના સ્વજને વાંદરાઓ વિરૂદ્ધ એફઆઈઆર દર્જ કરાવી પુલીસ સ્ટેશનમાં. લો કરો વાત.



Scanned by CamScanner

ત્રીજા ખબર એવા હતા કે એકલા પડી ગયેલા એક વાનર પર કૂતરાઓએ ઘાતક હુમલો કર્યો. ખેડૂતોએ વાનરને બચાવ્યો અને અસ્પતાલમાં દાખલ કર્યો.

ચોથા સમાચાર ઉપાશ્રયમાં ઘડાયેલા. ઉપાશ્રયની પછીતે વરંડામાં સાપ નીકળેલો હતો અને તે મારા પગની આંગળીઓને સહેજ અડીને સરકી ગયેલો. એક સર્પ મિત્ર આ સાપને પકડીને જંગલમાં છોડી આવ્યો હતો. સાપ ધોંડ્યા પ્રજાતિનો હતો. મંદિરમાં આરતી ચાલુ હતીજ, સાંજની. એ જ વખતે નીકળેલો.

યવતમાળની આ વન્ય હવામાં શ્વાસ લેતાં લેતાં બનારસને યાદ કરું છું અને એક એક ઘટના જાણે ગઈકાલની જ વાત હોય તે રીતે નજર સામે આવવા લાગે છે.

બનારસ તમારા ઘમંડને ચૂરચૂર કરી નાંખે છે. તમે એમ માનતા હશો કે હું ગુજરાતીમાં લખી શકું છું કે સંસ્કૃતમાં લખી શકું છું. પણ તમે બનારસના બુદ્ધિમાન જનોને મળશો તો તમારો લખવાનો તમામ ફાંકો ઉતરી જશે.

(૧)

એક ત્રણ-સાડા ત્રણ વરસનો વિદ્વાન બનારસમાં મળ્યો હતો. એ મારી સાથે બધી જ વાત સંસ્કૃત ભાષામાં કરી રહ્યો હતો. પાણી પીધું, પાણી ઠંડું છે, પાણી ક્યાં છે. તે સંસ્કૃત ભાષામાં બોલતો રહ્યો. હજી એ તોતડું જ બોલતો હતો. પણ એની તોતડી બોલીમાં સંસ્કૃત ભાષાની ધાણીઓ ફૂટી રહી હતા. એ જનમ્યો ત્યારથી એના પિતાએ એની સાથે સંસ્કૃતમાં જ વાતો કરી હતી, પરિણામે એ માતૃભાષા જેવી સહજતાથી સંસ્કૃતમાં બોલતો હતો. મેં જોયું કે એ સંસ્કૃતમાં વાકયરચના ગોઠવવા માટે અટકતો નહોતો. એ જે મનમાં આવ્યું તે બધું જ બોલી જતો હતો, ભાષા સંસ્કૃત એના જેટલી સહજ સંસ્કૃતભાષા મારી પાસે નથી તે મને સમજાતું હતું. આ જ તો બનારસ હતું. તમારો ઘમંડ ટકવા નં દે તે બનારસ

(૨)

એક યુવાન મળવા આવેલો, ઉંમર હશે અઢાર વીસ વરસની. મારી સાથે ત્રણ કલાક વાર્તાલાપ કર્યો, ભાષા ફકત સંસ્કૃત, એને જાણે બીજી કોઈ ભાષામાં બોલવાનું ફાવતું જ નહોતું, અટકયા વગર પડી રહેલા વરસાદની જેમ એની દેવભાષા વહી આવતી હતી. મેં ચોથા કલાકના પ્રારંભે એને સંસ્કૃત ભાષામાં જ પૂછ્યું કે- अपि भवान् राष्ट्रभाषायां वक्ति ? શું તમે હિંદીમાં બોલો છો. ત્રણ કલાક સુધી હું પણ સંસ્કૃતમાં જ બોલી રહ્યો હતો. હવે આ રાષ્ટ્રભાષામાં બોલવાનો પ્રસ્તાવ મેં મૂક્યો ત્યારે એણે હિંદી ભાષામાં જવાબ આપ્યો કે मुझे लगा, आप जैन मुनि है और केवल शास्त्रभाषामें वार्तालाप करते है इसलिये मैं देवभाषा में चर्चा कर रहा था । आप लोक भाषा भी बोलते है ? अच्छा है...

લોકો મનમાં કેવી કેવી છાપ રાખતા હોય છે ? બનારસમાં તમે કેવળ એક મહાત્મા તરીકે જોવાતા નથી. બનારસ તમારામાં સમગ્ર જૈન મુનિ સમુદાયનું પ્રતિનિધિત્વ જુએ છે.અને એ રીતે જ તમારી સાથે વાત થાય છે. એ યુવાને એક છસ્સો પાનાનો સ્વલિખિત નિબંધ મને બતાવ્યો. આખોય નિબંધ શુદ્ધ સંસ્કૃત ભાષામાં લખ્યો હતો. વિષય હતો દ્રવ્ય અને ગુણ વચ્ચેનો સંબંધ, આટલો કઠિન વિષય અને આટલો મોટો નિબંધ એ છ મહિના પૂર્વે તૈયાર કરી ચૂક્યો હતો. એની સંસ્કૃત ભાષામાં સચ્ચાઈ, સાહજીકતા અને સમૃદ્ધિ વર્તાતી હતી. એક વાત સમજવામાં આવી એને મળ્યા પછી.

તમે તમારા ક્ષેત્રમાં સક્રિય હશો અને નિપુણ હશો. શકય છે. તમારા એ જ ક્ષેત્રમાં એવા પણ લોકો હોય છે જે તમારાથી વધુ સક્રિય હોય છે અને વધુ નિપુણ હોય છે. તમે એમની તુલનામાં ક્યાં છો એ તપાસો અને તમારી સક્રિયતા અને નિપુણતાનું મૂલ્યાંકન કરો.

૮૭૯



Scanned by CamScanner

આ તક તમને બનારસ આપે છે.

(૩)

બનારસ-એરપોર્ટ રોડ પરના એક આશ્રમમાં વિશ્વ ધર્મ સંમેલન હતું. એમાં એક વ્યાખ્યાન મારે આપવાનું હતું. તે વ્યાખ્યાન થયું એના પછી એક વૃદ્ધ પંડિતજી અંગત રીતે મળવા આવ્યા. એ મારી સાથે સંસ્કૃતમાં જ બોલવા લાગ્યા. મેં વ્યાખ્યાન હિંદીમાં આપેલું એટલે મને સંસ્કૃત ભાષામાં વાત કરવાનું નહીં ફાવતું હોય એવું માનીને જ એમણે સંસ્કૃતમાં વાતો કરવા માંડી. હવે હું પણ સંસ્કૃતમાં વાર્તાલાપ કરવા લાગ્યો. એ મને ક્યાંક ફસાવીને ચૂપ કરવા માંગતા હતા, એવું સમજમાં આવ્યું. મેં આદરપૂવક ઝીંક ઝીલી. એમાં એમણે મને રોક્યો અને કહ્યું કે, आपका यह वाक्य-प्रयोग अशुद्ध है आप कर्म को प्रथमा विभक्ति लगा रहे हैं कर्म को द्वितीया विभक्ति लगती है।

આટલું બોલીને એ ખૂબ હરખાયા. પછી હળવેકથી બોલ્યા, बडे मंच पर से हिंदी बोलना आसान है, महाराजजी..मुश्किल है विद्वान के साथ देवभाषा में बोलना ।

મને આશ્ચર્ય થયું. અમુક લોકો નાની-નાની વાતોને હારજીતનો પ્રશ્ન બનાવી લે છે. સામો માણસ હારે એમાં જ એમને રસ હોય છે. આ લડાઈ એકતરફી હોય છે. એ જેમને હરાવવા ઉત્સુક હોય છે તે તો બાપડો હારવા કે જીતવાની લાગણી રાખતો નથી હોતો. એ ભલાભાવે વાત ટૂંકાવી દે એવું પણ બને અથવા ધડકાવીને જવાબ આપી દે એવું પણ બને. મેં એમની વયનો આદર જાળવીને વાત ચાલુ રાખી હતી. હવે એ મને હરાવી દેવા માંગતા હતા. હું મેદાનમાં ઉતર્યો નહોતો. અને મારે જીતવું છે એવો કોઈ વિચાર પણ મનમાં નહોતો. એક અનુભવી માણસ પાસેથી કંઈક જાણવા મળશે એમ સમજીને હું એમની સાથે વાત કરી રહ્યો હતો. જો એમનો મુદ્દો સાચો હોત તો હું સુધારો કરી લેત. મજાની વાત એ હતી કે એમનો મુદ્દો ખોટો હતો. મેં એમને પૂછ્યું : आपने मेरी बात सुनी ?

એમણે તરત કહ્યું : जी हां बिलकुल आप कर्म को प्रथमा विभक्ति लगा रहे हैं ।

હવે મારો વારો હતો. મેં કહ્યું : आपने ध्यान से नहीं सुना । आप संस्कृत भाषा में बोल रहे है । संस्कृत भाषा की गरिमा है कर्मणि प्रयोग में आप कर्तरि प्रयोग के वाक्य बोल रहे है, अताअतः आप के वाक्य में कर्म को द्वितीया विभक्ति लगती है. लेकिन मैं तो कर्मणि प्रयोग के वाक्य बोल रहा हूँ। कर्मणि प्रयोग में तो कर्म को प्रथमा विभक्ति ही लगती है । आप कर्मणि प्रयोग पर ध्यान दीजिए । बात समझ में आ जाएगी ।

મારો કોઈ જ આશય નહોતો એમને ચૂપ કરવાનો. એ જરૂર મને ચૂપ કરવા માંગતા હતા. હું ચૂપ ન થયો. ચૂપ એમને થવું પડ્યું. જેને હું સામાન્ય વાર્તાલાપ સમજતો હતો એને એઓ વાગ્ યુદ્ધ સમજી રહ્યા હતા એ મને છેક હવે સમજાયું. એ થોડીક વાર વાતો કરીને રવાના થઈ ગયા. એમનો છેલ્લો ઉદ્ગાર હતો : वादे वादे जायते तत्त्वबोध :।

બોધપાઠ એ મળ્યો કે સંસ્કૃત ભાષામાં બોલવું કે લખવું હોય તો ભાષા સિખાઉ-પઢાઉ ન હોવી જોઈએ. સોએ સો ટકા શુદ્ધ ભાષા ન હોય એવી પરિસ્થિતિમાં કેવળ એક વ્યક્તિનું ખરાબ નથી દેખાતું. બલ્કે એ વ્યક્તિ સાથે જોડાયેલ સમૂહનું પણ ઘણું ખરાબ દેખાય છે. એ પંડિતજી મને ચૂપ કરવા માંગતા હતા, એવું નહોતું.એ પંડિતજી પૂરા જૈન મુનિ સમુદાયને કમજોર સાબિત કરવા માંગતા હતા. વાત આ હતી. મહા-બ્રાહ્મણ શ્રી ઈન્દ્રભૂતિજીનો ગર્વ ટંકાર દિવસો સુધી યાદ આવતો રહ્યો હતો.

(૪)

એ છોકરો હશે અઢારેક વરસનો. પ્રશ્ન પૂછતો હતો તેની ભાષા સંસ્કૃત. એને પ્રાકૃતભાષા નાં વ્યાકરણ અંગે પ્રશ્નો પૂછવા હતા અને એના પ્રશ્નો અખૂટ હતા.



Scanned by CamScanner

એ પૂછતો જ રહ્યો એને કન્વીન્સ થતા વાર લાગી. શરૂઆતમાં એના પ્રશ્નો વિરોધભાવમાંથી આવ્યા હતા. પછી આદરપૂર્વકના પ્રશ્નો આવ્યા હતા. છેવટે એ માની ગયો હતો કે પ્રાકૃતભાષા નું સ્વતંત્ર અસ્તિત્વ છે. બહુજ સરળતાપૂર્વક તે સંસ્કૃતમાં બોલતો રહ્યો હતો. આ બંનારસની સંસ્કૃતિ. તમે વિદ્વાન્ છો અને તમારી જિજ્ઞાસા અખંડ છે. તમે વિદ્વાન છો અને તમે ખુદને વિદ્યાર્થી સમજો છો. એનો એક પણ પ્રશ્ન એવો નહોતો જેમાં આછકલાવેડા હોય. પણ એ પૂછી પૂછીને કોઈ એકને ચૂપ કરવા માંગતો હતો. યા મારે ચૂપ થવાનું હતું. અથવા એણે ચૂપ થવાનું હતું એ ચૂપ થયો અને ચૂપ થવામાં એને રાજીપાનો અનુભવ થયો.

તમે જે પ્રશ્ન પૂછો છો તે તમારું સ્તર જણાવતાં હોય છે. તમારું જ્ઞાન બીજાને ગૂંચવી નાંખે તેવું ન હોવું જોઈએ. તમારું જ્ઞાન ખુદને ગૂંચવી રાખે તેવું પણ ન હોવું જોઈએ. જ્ઞાન તમને બતાવે છે કે ગૂંચવણ આ છે. જ્ઞાન - ઉપાર્જનની પ્રક્રિયા તમને ગૂંચવણમાંથી ઉકેલ સુધી પહોંચાડે છે. એની નમ્રતા સરસ હતી.

(૫)

એક ઉદ્ભટ્ મહાવિદ્વાનનો સમાગમ થયો. એ આજની પરંપરાના સંસ્કૃત મહાકવિ. ટકોરાબંધ શાસ્ત્રીય ચર્ચા સંસ્કૃતમાં કરે, પૂર્વ પુરુષોના ગ્રંથોમાં, ટીકાગ્રંથોમાં જેવી સમૃદ્ધ સંસ્કૃત ભાષા જોવા મળે છે તેવું ઊંચા ગજાનું સંસ્કૃત બોલે, એમ થાય કે એ બોલતા જ રહે અને આપણે સાંભળતા જ રહીએ.

મને જોઈને એ ચુસ્ત બ્રાહ્મણ રાજી થયા હતા.જૈન મુનિને જોઈને એમને काव्यानुशासन યાદ આવ્યું હતું આ એમનું સ્તર હતું. તેઓ શ્રીહેમાચાર્ય વિશે થોડુંક બોલ્યા અને પછી મમ્મટાચાર્યના વિરોધમાં બોલવા માંડ્યા. શ્રી હેમાચાર્ય અર્થાત્ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજાએ રચેલ काव्यानुशासन ઉપર બ્રાહ્મણ પંડિતોએ આક્ષેપ લગાવ્યો છે કે આ ગ્રંથ તો મમ્મટાચાર્ય વિરચિત काव्यप्रकाश ની બેઠ્ઠી ઉઠાંતરી છે. આ પંડિતવર્ય काव्यप्रकाश ની ભૂલો ગણાવી રહ્યા હતા, અને काव्यानुशासन ની વિશેષતા દર્શાવી રહ્યા હતા. ખૂબ સારુ લાગ્યું હતું આ સાંભળીને. काव्यप्रकाश માટે ખરાબ બોલાય એમાં મને રસ નહોતો. काव्यानुशासन માટે, જેઓ ઘસાતું બોલે છે તેઓ ખોટ્ટા છે, એવું એક લબ્ધપ્રતિષ્ઠ સંસ્કૃત સાહિત્યકાર બોલી રહ્યા હતા તે બહુ મોટી વાત હતી. આ મહાપંડિતે ત્રણ મહાકાવ્ય, વીસ ખંડકાવ્ય અને બે નાટકનું સર્જન સંસ્કૃત ભાષામાં કર્યું છે. એમને મળેલા એવોર્ડથી એમનાં ઘરનો એક ઓરડો આખોય ભરાઈ ગયો છે. હું મળ્યો ત્યારે એમની ઉંમર પંચોતેર વરસની હતી. આ એવા સાહિત્યકાર છે જેમને તમે પૈસા ચૂકવીને લખવાનું કામ આપી શકતા નથી, તેઓ સ્પષ્ટ રીતે બોલે છે કે 'आप मेरी वाणी को खरीद नहीं सकते है ।

સામાન્ય રીતે એવા લેખકો તમને મળી આવે છે જે નક્કી કરેલા પૈસા લે છે અને એ પગારના બદલામાં તમે કહો એ મુજબનું બધું જ લખી આપે છે. અમુક લેખકો એવા પણ છે જેમના માટે લેખન એ કલા છે અને આ કલાના મૂલ્યનો તેઓ સ્વમાનવત્ હિસાબ રાખે છે. આ વયોવૃદ્ધ પંડિતજી કોઈપણ જાતની ફરમાઈસને સંતોષવા માટે લખવાનું સ્વીકારતા નથી. તેઓ સ્વ-રુચિ અનુસાર લખે છે. તેમનો વિષય રાષ્ટ્રવાદથી પ્રેરિત હોય છે, મોટે ભાગે.

પંડિતોની નગરીમાં વસેલા આ મહાપંડિતે, ભરી સભામાં અન્ય પંડિતોને બોલતા રોક્યા છે, સ્વયં કડવું બોલીને રોક્યા છે. તેઓ રાષ્ટ્રીય દરજ્જાના સાહિત્યકાર ગણાય છે. એટલે સભાઓમાં એમની આમન્યા ખૂબ જળવાય છે. આવા પંડિતવર્ય काव्यानुशासन ની તારીફ કરે છે તે સાંભળીને લાગ્યું કે બનારસનો ફેરો વસૂલ છે. તેમણે આ અંગત રીતે કહ્યું અને જાહેરમાં આવું ન બોલાય એવો અભિગમ નથી રાખ્યો. તેમણે આ વિષય પર એક લેખ લખ્યો છે. એ લેખ 'श्रमण' મુખપત્રમાં છપાઈ ચૂક્યો છે.

આ પ્રખર વિદ્વાનનું નામ છે રેવાપ્રસાદ દ્વિવેદી,



Scanned by CamScanner

એમનો રવૈયો બહુ સ્પષ્ટ છે : તમે મને માન આપો તો એ સ્વીકાર્ય છે પરંતુ તમારા માન-સન્માન મને ન મળે તોય હું સુખી જ છું. તમારા માન-સન્માનની મને કોઈ જ જરૂર નથી. તમારા વિના મને ચાલે છે અને ચાલશે.

બનારસથી પંડિતો ભણાવવા માટે આવે અને આપણે એમની પાસે ભણીએ એવી જે પદ્ધતિ બની છે એ સારી છે. એ પંડિતો વસ્તુતઃ અધ્યાપક હોય છે. સાચા પંડિતો તો બનારસ આવો ત્યારે જ જોવા મળે. આ પંડિતો તમારી સાથે વાત કરતા પહેલાં જાણકારી મેળવી રાખે કે તમે કેટલા પાણીમાં છો. એમને લાગે કે હા, આમની સાથે હું વાત કરીશ તો મારો મોભો જળવાશે-તો જ તમારી સાથે વાત કરશે. એમને બનારસે વિદ્યા પણ આપી છે અને સંપત્તિ પણ આપી છે. પૈસા કમાવા માટે બનારસ છોડીને બહાર નીકળવું પડે એવી એમની કોઈ લાચારી નથી.

(૬)

એક અન્ય વિદ્વાન મળેલા, એ સંસ્કૃત ભાષાના લેખક હતા. જેમ ગુજરાતી લેખક હોય છે તેમ આ સંસ્કૃત લેખક હતા. તેમને મેં હિંદી ભાષામાં લખાયેલ પુસ્તકનાં દશેક પાનાં આપ્યા અને કહ્યું કે આનું સંસ્કૃત ભાષાંતર કરી આપો. તેઓ બે દિવસમાં સંસ્કૃત અનુવાદ લઈ આવ્યા. શું એમની ભાષાની પક્કડ હતી ? એમને જે સુવાક્ય ગમ્યા તેનું એમણે શ્લોકમાં રૂપાંતર પણ કર્યું હતું. મેં એમને આ બદલ ધન્યવાદ આપ્યા ત્યારે એમણે ટોકર કરી કે-

આ હિંદી પાનામાં જે વ્યાખ્યાનની સામગ્રી છે તે વાંચવા વાળો વર્ગ અલગ છે અને સંસ્કૃત ભાષા વાંચવાવાળો વર્ગ અલગ છે. જે સાધારણ જન સમાજને સંબોધીને બોલાય છે કે લખાય છે તેનું સંસ્કૃત રૂપાંતર શું કામ કરવું જોઈએ ? જે લોકો ખરેખર સંસ્કૃત ભાષાને જાણે છે તેઓ આવા ઉપદેશને વાંચવાના નથી. તેમની પાસે સંસ્કૃત ગ્રંથોની મોટી દુનિયા છે જ. આ અનુવાદ તમારા અનુયાયી વર્ગ સિવાય બીજા કોઈ વિદ્વાન વાંચશે નહીં.'

સરસ મજાનો અનુવાદ પોતે જ કર્યો હતો અને આ અનુવાદ કોઈ વાંચશે નહીં એવો અભિપ્રાય પણ પોતે જ વ્યક્ત કર્યો હતો. આ હતું બનારસનું વિદ્વદ્ માનસ. જો કે, મેં તેમને જણાવ્યું કે- સંસ્કૃત ભાષા હજાર વરસ પછી પણ આ જ રૂપે વંચાતી રહેવાની છે. જો ગુરુ ભગવંતનાં વ્યાખ્યાન સંસ્કૃતમાં અનુવાદિત થાય તો એમનો ઉપદેશ ચિરંજીવ રહે.

તેમનો જવાબ એ હતો કે- ઉપદેશ સાંભળનારો વર્ગ સંસ્કૃતભાષા સમજતો નથી અને સંસ્કૃત ભાષાનો જાણકાર વર્ગ અનુવાદિત પુસ્તકોને વાંચવામાં ઓછો રસ ધરાવે છે. भाषा मौलिक ही होनी चाहिए ।

આ એક વિરલ અનુભવ હતો. એમણે જે અનુવાદ કરેલો તે મૌલિક સંસ્કૃત જેવો જ વજનદાર હતો અને છતાં એ આ રીતના અનુવાદની તરફેણમાં નહોતા.

(૭)

બી એચયુ. બનારસ હિંદુ યુનિવર્સિટી દેશની સૌથી મોટી શિક્ષણ સંસ્થાઓમાંની એક સંસ્થા. એનું પુસ્તકાલય જોવા ગયો હું. પાસ વગર પ્રવેશ નહોતો. સાથે જે ભાઈ આવેલા તેમણે એમનો અને મારા માટેનો. એ બે પાસ બતાવ્યા પછી અંદર પ્રવેશ મળ્યો. એક રાજ મહેલ જેવી વિશાળ ઇમારત. મુખ્ય બેઠક કક્ષમાં વિદ્યાર્થીઓ પોતપોતાની સગવડ મુજબ ટેબલ ખુરશી સાથે ગોઠવાઈને અભ્યાસ કરી રહ્યા હતા. આ બેઠક કક્ષ દસ હજાર સ્કવેર ફીટનો હશે. બેઠક કક્ષની ચારે તરફ અલગ અલગ વિભાગની કેબિન હતી. મારે પુસ્તક સંગ્રહ જોવો હતો. મેં પૂછ્યું : અહીં કેટલાં પુસ્તકો હશે ? એક બનારસી બાબુએ ધારદાર અવાજમાં કહ્યું : यहां तेरह लाख किताबें हैं । તેર લાખ પુસ્તકો.

ટાઈમ્સ ઓફ ઇંડિયાનો એક રિપોર્ટ જણાવે છે કે, બીએચયુની એન્ટ્રન્સ એકઝામ એક લાખ પચીસ હજાર વિદ્યાર્થીઓએ આપેલ છે. અને વિકિપીડિયા જણાવે છે કે ૨૦૧૭ની સાલમાં ૧૭.૩૫૯ વિદ્યાર્થીઓ બીએચયુમાં ભણતા હતા, આ વિદ્યાર્થીઓ અલગ અલગ ૪૮ દેશોમાંથી આવેલા હતા. દર વરસે



Scanned by CamScanner

આ આંકડો બદલાતો રહે છે અને નવો આંકડો આવતો રહે છે. આ વિદ્યાર્થીઓ બીએચયુના પુસ્તકાલયને હંમેશા ભર્યું ભર્યું રાખે છે. પુસ્તકાલયનાં મુખ્ય વ્યવસ્થાપકને છ આંકડાનો પગાર મળે છે. તેર લાખ પુસ્તકોમાં ભાગ્યે જ કોઈ પુસ્તક વપરાયા વિનાનું પડ્યું હશે. બધાય પુસ્તકો કોઈ ને કોઈ વિદ્યાર્થી દ્વારા વંચાતા રહ્યા છે અને વંચાયા કરે છે.

એક હસ્તલિખિત વિભાગ છે ત્યાં પાંડુલિપિનો સંગ્રહ છે. વધારે પોથીઓ નથી.

બહાર નીકળતાં પૂર્વે મેં પૂછ્યું : અમે તમને અમુક પુસ્તકો ભેટ રૂપે મોકલાવીએ તો તમે રાખો ?

જવાબ મળ્યો : ના. નહીં મોકલતા. કેમકે આ પુસ્તકાલયમાં કયું પુસ્તક રાખવું અને ન રાખવું એ માટે એક સેન્સર બોર્ડ રાખેલું છે. એ લોકો કયાં પુસ્તકો ખરીદવા અને રાખવા તેનો નિર્ણય લે છે. ભેટમાં આવેલાં પુસ્તકો સ્વીકારી તો લઈશું, એ પુસ્તકાલયમાં મૂકાશે કે નહીં તેની કોઈ ગેરંટી નથી. વિદ્યાર્થીઓ વાંચે એવા જ પુસ્તકો અમે રાખીએ છીએ. બાકીના બાજુ પર મુકાઈ જાય છે. ઘણા ભેટ પુસ્તકો આવે છે. અમે એને એન્ટ્રી આપતા નથી.

એમનો આ જવાબ વ્યાજબી હતો કે નહી તેની ચર્ચા કરવી નથી. સબક એ શીખવા મળ્યો કે પુસ્તકાલયમાં કયા પુસ્તકો બીન જરૂરી છે તેની માનસિક સ્પષ્ટતા રાખવી જોઈએ. બધા જ પુસ્તકો જરૂરી હોતા નથી.

તમે ભેટમાં આપેલું પુસ્તક ન સ્વીકારવામાં આવે. શું આવું પણ થઈ શકે ? હા, થાય તો છે જ આવું. પુસ્તક ન લેવાની આ વ્યવસ્થા ગમી નહીં. પણ પુસ્તક સંગ્રહ વિવેકપૂર્વક કરવો જોઈએ, એ અંગેની કડકાઈ ગમી. એજ્યુકેશનલ લાઈબ્રેરીમાં ધાર્મિક પુસ્તકો ન જ હોય.

(૮)

સંપૂર્ણાનંદ વિશ્વવિદ્યાલય. દર વરસે એક લાખથી વધુ વિદ્યાર્થીઓને, આ વિદ્યાલય હસ્તક સંસ્કૃત ભાષાના શાસ્ત્રી અથવા આચાર્ય અથવા નિષ્ણાતની પદવી એનાયત થાય છે. અહીં સંસ્કૃતભાષાનો ભારે દબદબો છે, હું અહીં જોવા ગયો તે હસ્તલિખિત ગ્રંથાલયમાં લગભગ એક લાખ હસ્તલિખિત ગ્રંથો પડ્યા છે. આ ગ્રંથોને રાખવાની વ્યવસ્થા સર્વશ્રેષ્ઠ છે. બે માળ ઊંચી લાકડાની અલમારીઓ. અલમારી જમીન પર મૂકેલી નહોતી. જમીન પર પથ્થરનું પ્લેટફોર્મ બનાવેલું છે અને એ પ્લેટફોર્મ બરોબર કબાટની નીચે રહે એવું છે. તમે ઉત્તુંગ કબાટોની વચ્ચેથી ચાલો ત્યારે તમારા પગના પંજાની સામે એ પ્લેટફોર્મ આવે, કબાટ નહીં. મતલબ તમારી પગની આંગળી કબાટને અડી શકે નહીં. મેં પૂછ્યું : આવું શું કામ તો જવાબ મળ્યો કે -ક્યારેક હોલમાં વરસાદ આદિના કારણે પાણી ભરાયું હોય તો એ પાણી કબાટને અડી જ ન શકે. આજ સુધી પોથીની સુરક્ષા વ્યવસ્થા જોઈ હતી. અહીં કબાટ માટે પણ સુરક્ષા વ્યવસ્થા હતી. તાળાબંધ કબાટો જ જોવાના હતા. પોથીઓ જોવા મળવાની નહોતી. એક હરતી ફરતી નિસરણી હતી. એક દસ ફૂટના કબાટની ઉપર, બીજો દસ ફૂટનો કબાટ દેખાતો હતો. આ રીતે કબાટ યુગની લાંબી શ્રેણી, ઉપરના કબાટમાંથી કંઈ જોવું હોય કે કાઢવું હોય તો નિસરણીનો ઉપયોગ કરવાનો. આ ગ્રંથાલયમાં કોઈને પ્રવેશ આપવામાં આવતો નથી. રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય ફલક પર આ ગ્રંથાલયને સન્માન મળે છે. અહીંની હસ્તલિખિત પોથીઓનું સુવ્યવસ્થિત સૂચિ પત્ર બનેલું છે. અને તે દળદાર ગ્રંથોનાં રૂપમાં છપાયેલું છે. આપણા જૈન ગ્રંથોની પાંડુલિપિ બદ્ધ પોથીઓ ઘણી છે. અમુક ગ્રંથો અદ્યાવધિ અપ્રકટ છે. એ ગ્રંથ છપાય તે માટે આ ગ્રંથાલય પાસેથી માંગ્યા. એની એક લાંબી પ્રક્રિયા હતી. ફોર્મ ભરવાનું. શરતો માનવાની. રાહ જોવાની. છેલ્લી ઘડીએ ના સાંભળવાની. ફરીથી સમજાવવાનું.

ગ્રંથોની સુરક્ષા માટે તેઓ કડક રહેતા હોય એ સ્વાભાવિક છે.

(૯)

બીએચયુના મુખ્ય વ્યાખ્યાન કક્ષમાં ચમૂકૃષ્ણ શાસ્ત્રીનું વ્યાખ્યાન હતું. વિષય : સંસ્કૃત ભાષાની રક્ષા



Scanned by CamScanner

અને આપણું કર્તવ્ય. હજારેક શ્રોતાઓ હશે. એ વ્યાખ્યાન બે કલાક ચાલ્યું. આખુંય વ્યાખ્યાન સંસ્કૃત ભાષામાં થયું. વ્યાખ્યાન પૂર્વેનું સ્વાગત વચન અને વ્યાખ્યાન પછીનો ધન્યવાદ પ્રસ્તાવ પણ ફકત સંસ્કૃત ભાષામાં. વચ્ચે વચ્ચે તાળીઓ વાગતી હતી, એનો મતલબ એ હતો કે, શ્રોતાઓ સંસ્કૃત વકતવ્યને સારી રીતે સમજી રહ્યા હતા.

ચમૂકૃષ્ણ શાસ્ત્રીએ રજૂ કરેલા મુદ્દા એકદમ વ્યવહારુ હતા. તેમણે બે વખત જૈન પરંપરાનું નામ લીધું. શ્રોતાઓ બધાય હિંદુ હતા. આયોજન કરનાર સંસ્થા જૈન નહોતી. વ્યાખ્યાનનો વિષય જૈનત્વ સાથે જોડાયેલો નહોતો. છતાંય આ ધુરંધર સંસ્કૃતવિદ્ બે વાર જૈન પરંપરાનું નામ બોલ્યા એ સાંભળીને સારું લાગ્યું.

એમનો પહેલે મુદ્દો એ હતો કે આપણે વૈદિક પરંપરાનું વર્તુળ છોડવા તૈયાર નથી. તેથી જૈન દર્શન જેવા સ્વતંત્ર દર્શનને ષડ્દર્શનની બહાર રાખીએ છીએ. આ આપણી ભૂલ છે. જૈનોએ સંસ્કૃતમાં સમૃદ્ધ સર્જન કર્યું છે. આપણે જૈન પરંપરાને પારકી નજરે ન જોઈ શકીએ.

બીજો મુદ્દો એ હતો કે, જૈનોનો અપરિગ્રહવાદ, સિદ્ધાંત રૂપે સ્વીકારવો જોઈએ. પૈસાની કમાણી માટે વિદ્યાનો ઉપયોગ ન થવો જોઈએ. વિદ્યા એ નિજાનંદ અને સંસ્કાર માટે છે. વિદ્યાને જૈનોની જેમ અપરિગ્રહભાવ રાખીને સન્માન આપવું જોઈએ.

ચમૂકૃષ્ણ શાસ્ત્રી એ વર્તમાન સંસ્કૃત જગતનું બહુ મોટું નામ છે. તેમનો અભિપ્રાય અખિલ ભારતીય સ્તરે મૂલ્યવાન ગણાય છે. સંસ્કૃત ભાષાની સુરક્ષા માટે તેઓ જે કાંઈ બોલ્યા તે બધું જ ઉપયોગી હતું. એમણે અનાયાસે જૈન પરંપરાને સન્માન આપી દીધું તે જોઈને રાજીપો અનુભવ્યો.

આ નવ કિસ્સા અહીં લખ્યા તેવા ઘણાય કિસ્સા છે. યાદ આવશે એમ લખીશ. આ સંસ્કૃત ભાષાના પ્રેમીઓ જૈનશાસન સાથે શ્રદ્ધાભાવે જોડાયા હોય તો એમના હાથે કેટલી મોટી શાસન સેવા થઈ શકે એવો વિચાર આવતો રહ્યો, આવતો રહે છે. અન્ય દર્શનની જાહેર પ્રશંસા ન કરવી એ સમ્યગ્દર્શનનો આચાર છે. અને એ આચાર ભૂલાતો નથી. પણ બનારસ જે વાતાવરણ લઈને જીવી રહ્યું છે. તેમાં આર્યદેશ અને આર્ય જાતિને ગૌરવ અપાવનારી ભારતીય સંસ્કૃતિ જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિને ઊંચાઈ બક્ષનારી સંસ્કૃત ભાષાનો ઠાઠમાઠ જેવો બનારસમાં છે, તેવો બીજે ક્યાંય નથી.

હું બનારસ ગયેલો, એવું વિચારીને કે બનારસમાં રહીને ગુજરાતી અને સંસ્કૃતમાં થોડુંક લખીશ. બનારસની વિદ્યા પ્રવૃત્તિઓ જોયા બાદ એક ઘેરું સંવેદન હૃદયમાં જાગી ઉઠ્યું હતું કે 'મને કશું જ આવડતું નથી, મારે શું કામ કાંઈ લખવું જોઈએ. આ બધા ધુરંધરોના મુકાબલે હું તો ખાલીખમ છું.'

અને લખવાનો આત્મવિશ્વાસ ઓસરી ગયો હતો. જે લખવાનું વિચારેલું હતું તે બધું બાજુ પર મૂકીને વાંચન કરવામાં ધ્યાન પરોવી દીધું હતું. બનારસની આ તાકાત હતી. તમે તમારી જાતને જ્ઞાની કે વિદ્વાન સમજતા હશો એ તમારી અંગત માન્યતા હશે. બનારસમાં વસેલા વિદ્વજ્જનોને અને એમના થકી થનારી વિદ્યા પ્રવૃત્તિઓને જુઓ તો તમારું અભિમાન તૂટી જ જાય. જૂના જમાનામાં મહાત્માઓ બનારસ ભણવા માટે જતા. તે કેવળ ભણીને પાછા આવી જતા એવું નહોતું. તે એકસે બઢકર એક ધુરંધરોને જોઈને પાછા આવતા. પરિણામે જ્ઞાનોપાર્જન પછીનો જ્ઞાનમદ બની શકતો નહીં, બલ્કે યાદ રહેતું કે, હજી ઘણું શીખવાનું બાકી છે.

અને બનારસની મહાનદી ગંગાના ભરપૂર નીર, રોજેરોજ પ્રેરણા આપતા રહે કે- જેટલું પાણી આવ્યું છે એનાથી વધારે પાણી હજી આવવાનું છે. ગંગાના નીર ખૂટતા નથી. જ્ઞાન ઉપાર્જનની દિશા પણ અપરિસીમ. ગમે તેટલું ભણી લો. ખજાનો ખૂટતો નથી.

તા. ૪-૧૧-૧૮



Scanned by CamScanner